(૪૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૨)**

૧. આયાહિણં **પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં** મંગલં

૨. ગમણાગમણે **પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે ઓસા ઉત્તિંગ પણગ** દગ

૩. પંચ **નમોક્કારો સવ્વપાવપ્પણાસણો મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ** મંગલં

૪. હુજ્જ મે **કાઉસ્સગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં નમોક્કારેણં ન પારેમિ** તાવ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. કાઉસ્સગ્ગં | **કાયોત્સર્ગ** | ૨. ઠાણાઓઠાણં | **એક સ્થાનેથી બીજે સ્થાને** |
| ૩. મંગલાણં | **મંગલોમાં** | ૪. સક્કારેમિ | **સત્કાર કરું છું** |
| ૫. ઠાણેણં | **એક સ્થાને સ્થિર રહીને** | ૬. વિરાહણાએ | **વિરાધનાથી, હિંસાથી** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો.** **(૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ત્રણવાર | **તિક્ખુત્તો** | ૨. કરોળિયાના જાળા | **સંતાણા** |
| ૩. આપ જ્ઞાનવંત છો | **ચેઈયં** | ૪. બગાસું આવવાથી | **જંભાઈએણં** |
| ૫. વોસિરાવું છું | **વોસિરામિ** | ૬. અરિહંત ભગવંતોને નમસ્કાર હો | **નમો અરિહંતાણં** |
| ૭. ત્રણ ઈંદ્રિયવાળા જીવ | **તેઈંદિયા** | | |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ત્રીજું પદ કોનું છે? તેઓ શું કરે છે? તેમના ગુણ કેટલા છે?

**જ. ત્રીજું પદ આચાર્યજીનું છે. પંચાચારનું પાલન કરનારા અને કરાવનારા, શ્રી સંઘનું સફળ સંચાલન, નેતૃત્વ કરનારા છે. તેમના ગુણ ૩૬ છે.**

૨. હિંસાનો દોષ ક્યારે લાગી શકે છે? તે કેટલા પ્રકારની છે?

**જ. જીવ મરી જાય ત્યારે જ હિંસાનો દોષ લાગે તેવું જરૂરી નથી પરંતુ, તેને કોઇપણ પ્રકારે દુઃખી કરીએ અથવા અપમાન કે તિરસ્કાર કરીએ તે પણ એક પ્રકારની હિંસા જ છે. તે ૧૦ પ્રકારની છે.**

૩. ઉપકારી ગુરુને વંદન શા માટે કરાય છે? સામાયિકનો બીજો પાઠ શેનો છે?

**જ. મારા આત્માનું કલ્યાણ થાય, તેવી હિતચિંતા કરવાવાળા ગુરુ આપણને સત્યની સમજણ આપે છે, માર્ગદર્શન આપે છે, વારંવાર પ્રેરણા કરે છે, માટે ઉપકારી ગુરુને વંદન કરાય છે. સામાયિકનો બીજો પાઠ ગુરુવંદન એટલે કે તિક્ખુત્તોનો છે.**

૪. દરેક ધર્મ શેને પ્રાધાન્ય આપે છે? કાયોત્સર્ગ શારીરિક, માનસિક સ્તરે અને આધ્યાત્મિક ક્ષેત્રે શું છે?

**જ. દરેક ધર્મ ધ્યાનને પ્રાધાન્ય આપે છે. કાયોત્સર્ગ શારીરિક અને માનસિક સ્તરે અત્યંત સ્વાસ્થ્યપ્રદ અને લાભપ્રદ છે અને આધ્યાત્મિક ક્ષેત્રે આંતરચેતના જાગૃત થાય છે.**

૫. સર્વોત્તમ ગુણવાળા આત્માનું સ્મરણ કરવાથી શું થાય છે? તે શેનો નિયમ છે?

**જ. સર્વોત્તમ ગુણવાળા આત્માનું સ્મરણ કરું છું ત્યારે ઉત્તમ તત્ત્વને મારામાં attract કરું છું. જે મારું કલ્યાણ તો કરે જ છે, સાથે સાથે મારામાં ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવાની ક્ષમતા વિકસાવે છે. તે LAW OF MATERIAL નો નિયમ છે.**

**(ઉ) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. નમસ્કાર સૂત્રનુ બીજું નામ શું છે? | **પંચ પરમેષ્ઠી** |
| ૨. સિદ્ધ ભગવાન શેના ચક્રથી મુક્ત થઈ ગયા છે? | **જન્મ–મરણ** |

૩. પતંગિયાને કેટલી ઈંદ્રિય હોય છે? **ચાર**
૪. કીડી પર પાઉડર છાંટતા ભયથી વિહ્વળ થાય તો કયો દોષ લાગે? **વત્તિયા**
૫. ઉત્કૃષ્ટ વંદના કયા આસને કરાય? **ગોદુહિકા**
૬. આત્માને શલ્ય રહિત કરવા શું કરવું જોઈએ? **કાયોત્સર્ગ**
૭. કાયોત્સર્ગ એ કયું તપ છે? **આભ્યંતર**
૮. કોની સામે મસ્તક ઝુકાવી આજ્ઞા હૈયે ધરવાની છે? **ગુરુવર**
૯. મારું જીવન કેવું હોવું જોઈએ? **કોઇને પીડા ન થાય તેવું**
૧૦. વંદના કરવાથી કયા ગુણોની પ્રાપ્તિ થાય છે? **નમ્રતા અને વિનય**

(૨૦)

**પ્ર.૨ (અ) સામાન્ય સમજણના આધારે માગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૨)**

૧. તીર્થંકર – ૫ મા **શ્રી સુમતિનાથ સ્વામી** અને ૧૨ મા **શ્રી વાસુપૂજ્ય સ્વામી**
૨. ગણધર –૨ જા **અગ્નિભૂતિ** અને ૧૦ મા **મેતાર્ય**
૩. સતી – ૪ **થા રાજેમતિ** અને ૧૪ **મા પુષ્પચૂલા**
૪. કર્મ – ૩ **જું વેદનીય** અને ૮ **મું અંતરાય**
૫. કાય (ગોત્ર) – ૧ **લી પૃથ્વીકાય**
૬. દ્રવ્ય – ૪ **થું જીવાસ્તિકાય**
૭. જ્ઞાનનો આદર કરાવતું સાધન અને પ્રભુ સાથે મિલન કરાવતું ઉપકરણ કયું? **ઠવણી અને માળા**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. પાથરણું સફેદ કલરનું કેમ હોય છે?
**જ. આસન પર કોઈ નાના જીવ આવી જાય તો તે સહેલાઈથી ઓળખીને દૂર કરી શકાય માટે પાથરણું સફેદ કલરનું હોય છે.**
૨. રોજ કોનું સ્મરણ અવશ્ય કરવું જોઈએ? તે શેનું કારણ બને છે?
**જ. રોજ ૨૪ ભગવાનનું સ્મરણ કરવું જોઇએ. તે આપણા હિત, શ્રેય અને કલ્યાણનું કારણ બને છે.**
૩. દર્શનાવરણીય કર્મ શું કરે છે? આત્માની શ્રેષ્ઠ કે નિમ્ન કક્ષાની પ્રશંસા કરાવનાર કર્મ કયું છે?
**જ. દર્શનાવરણીય કર્મ આત્માના દર્શન ગુણ પર આવરણ કરે છે. ગોત્ર કર્મ છે.**
૪. સતીનું આભૂષણ કયું છે? તેમના નામ સ્મરણથી શેની પ્રેરણા મળે છે?
**જ. સતીનું આભૂષણ શીલ છે. તેમના નામ સ્મરણથી આપણને શીલ–સદાચારની પ્રેરણા મળે છે.**
૫. તીર્થંકર પ્રથમ દેશનામાં કયા શબ્દો આપે છે?
**જ. તીર્થંકર પ્રથમ દેશનામાં ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધ્રુવેઈ વા આ ત્રિપદી આપે છે.**
૬. દેવોને દુર્લભ કયા ઉપકરણો છે? પ્રભુ જેવા બનવાની સરળ સીડી કઈ છે?
**જ. દેવોને દુર્લભ ગુચ્છો અને રજોહરણ છે. પ્રભુ જેવા બનવાની સરળ સીડી પછેડી/ખેસ/ચોલપટ્ટો છે.**
૭. સદાકાળ શાશ્વત શું છે? જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તેને શું કહેવાય?
**જ. સદાકાળ શાશ્વત દ્રવ્ય છે. જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તેને પુદ્ગલાસ્તિકાય કહેવાય.**
૮. ...... જીવોમાં ...... કારણે અનંત પ્રકારની વિવિધતા છે.
**જ. સંસારી, કર્મોના.**

(૧૫)

**પ્ર.૩ (અ) સંસ્કારના વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. દિવસની શરુઆત કેવી રીતે કરાય? રાતે સૂવા કેવી રીતે જવાય?
**જ. સવારે ઉઠતાની સાથે જ મમ્મી–પપ્પા અને વડીલોને જય જિનેન્દ્ર કહીને દિવસની શરુઆત કરાય. રાતે સૂતી વખતે મમ્મી, પપ્પા, દાદા, દાદી, નાના, મોટા સૌને જય જિનેન્દ્ર કહીને પછી જ સૂવા જવાય.**

૨. ધર્મનો આપણા પર શું ઉપકાર છે?

**જ. ધર્મ વ્યક્તિના જીવનને આદર્શ અને પવિત્રતા તરફ દોરી જનાર છે. તે પાપથી અટકાવી સન્માર્ગ તરફ વાળે છે. ધર્મથી સુખ મળે છે અને પાપથી દુ:ખ મળે છે. ધર્મ માણસને વિકાસ તરફ વાળનાર, નીતિમત્તા શીખવાડનાર અને ભવસાગરથી તરાવનાર છે.**

૩. વિનયી વ્યક્તિની ચાલ, વાણી અને આંખો કેવી હોય છે?

**જ. વિનયી વ્યક્તિની ચાલ ધીમી પણ મક્કમ હોય છે, વાણી મીઠી, મધુરી અને પ્રિય હોય છે અને આંખો ભીની ભીની attitude થી છલકતી હોય છે.**

૪. આહાર ગ્રહણ કરવા માટેનો ઉત્તમ સમય કયો છે? રાત્રિભોજન શા માટે ન કરવું જોઈએ?

**જ. સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાનો સમય આહાર ગ્રહણ કરવા માટેનો ઉત્તમ સમય છે. સૂર્યાસ્ત થતા અંધકારમાં અનેક સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો અત્યંત સૂક્ષ્મ હોવાથી આપણને આંખેથી દેખાતા નથી અને આપણા ભોજનમાં પડે છે અને મૃત્યુને શરણ થઈ જાય છે. માટે રાત્રિભોજન ન કરવું જોઈએ.**

૫. નટ્સ કેવી રીતે ખાવા જોઈએ? વેજ-નોન વેજ હોટેલમાં શા માટે ન જમવું જોઈએ?

**જ. નટ્સ આખા ન ખવાય તેને ફોલીને ચેક કરવું તેમાં કોઇ જીવાત નથી ને. વેજ-નોન વેજ હોટેલમાં ન જમવું જોઈએ કારણ કે આપણને અનુમોદનાનો દોષ લાગે અને ચમચા વગેરેની ભેળસેળ થઈ જવાની પણ પૂરી શક્યતા રહે.**

**(આ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. શેઠના ઉપકારથી મુક્ત તેમને ધર્મમાર્ગની પ્રેરણા આપવી.

**જ. સાચું.**

૨. વિનયી વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થતો નથી.

**જ. ખોટું. વિનયી વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થાય છે.**

૩. જય-જિનેન્દ્ર જૈનત્વની ઓળખાણ છે.

**જ. સાચું.**

૪. જે આહાર સ્પર્શ દ્વારા ગ્રહણ કરીએ તેને કવલ આહર કહેવાય.

**જ. ખોટું. જે આહાર સ્પર્શ દ્વારા ગ્રહણ કરીએ તેને રોમ આહર કહેવાય.**

૫. કૃતજ્ઞ વ્યક્તિ કોઇના કરેલા નાના ઉપકારને રાઈ જેટલા માને છે.

**જ. ખોટું. કૃતજ્ઞ વ્યક્તિ કોઇના કરેલા નાના ઉપકારને પર્વત જેટલા માને છે.**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.**

૧. ધર્મમાં શેનું ધ્યેય સમાયેલું છે?

**જ. ધર્મમાં મૈત્રી-ક્ષમાદિ દ્વારા સ્વ-પરનું કલ્યાણ અને સ્વયંથી આત્મશક્તિનો વિકાસ થાય તેવું ધ્યેય સમાયેલું છે.**

૨. શબ્દ એ પુદ્ગલ છે એ સિદ્ધાંત પર વિજ્ઞાને શું શોધ્યું છે?

**જ. આ સિદ્ધાંત પર વિજ્ઞાને telephone, mobile, livetelecast અને T.V., audio, video and Youtube જેવા સાધનો શોધ્યા છે.**

૩. ઉકાળેલા પાણી માટે વિજ્ઞાન શું કહે છે?

**જ. આજે ડોક્ટર ઉકાળેલું પાણી પીવાની સલાહ આપે છે, જેથી અનેક રોગોથી બચી શકાય.**

૪. વૈજ્ઞાનિકો અવનવી શોધ ક્યાં અને શેના દ્વારા કરે છે?

**જ. વૈજ્ઞાનિકો અવનવી શોધ laboratory માં અને વિવિધ પ્રકારના આધુનિક સાધનો દ્વારા કરે છે.**

૫. ઈકાગાઈ જીવન પદ્ધતિથી જીવનારા લોકોનું જીવન કેવું છે?

**જ. ઈકાગાઈ જીવન પદ્ધતિથી જીવનારા લોકો ખૂબ લાંબુ દીર્ઘાયુષ્ય, તંદુરસ્ત અને આનંદમય જીવન જીવે છે.**

**(૧૦)**

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નયસાર કોણ હતો? ક્યાં રહેતો હતો? તેનો સ્વભાવ કેવો હતો? તેમણે શું નિયમ લીધો હતો?

**જ. નયસાર સુથાર હતો. તે જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં પ્રતિષ્ઠાન નગરમાં રહેતો હતો. તેનો સ્વભાવ ગુણગ્રાહી, દયાવાન અને પરોપકારી હતો. તેણે નિયમ લીધો હતો કે કોઇ અતિથિને જમાડીને જમવું.**

૨. મેઘરથ રાજા કોણ હતા? તેમનામાં કયો ગુણ હતો? તેમની પરીક્ષા કરવા કોણ આવ્યું? શા માટે?

**જ. મેઘરથ રાજા ૧૬ મા તીર્થંકર શાંતિનાથ ભગવાનનો પૂર્વનો ત્રીજો ભવ હતો. તેમનામાં જીવદયાનો (અત્યંત કરુણાશીલ) ગુણ હતો. તેમની પરીક્ષા કરવા એક મિથ્યાત્વી દેવ આવ્યો કારણ કે બીજા દેવલોકના ઈન્દ્ર ઇશાનેન્દ્રએ દેવોની સભામાં મેઘરથ રાજાની જીવદયાની અત્યંત પ્રશંસા કરી.**

૩. કમઠ મૃત્યુ પામી ક્યાં ઉત્પન્ન થયા? તેમણે પ્રભુને શું ઉપસર્ગ આપ્યો?

**જ. કમઠ તાપસ મૃત્યુ પામીને મેઘમાળી નામના દેવ બન્યા. પૂર્વભવના વેરભાવને યાદ કરી અત્યંત ક્રોધમાં આવી ગયા અને એકવાર ભગવાન ધ્યાનસ્થ મુદ્રામાં ઉભા હતા ત્યાં મુશળધાર વરસાદ વરસાવ્યો, પ્રભુના નાક સુધી પાણી આવી ગયા. આવા ઘણા ઉપસર્ગો આપવા લાગ્યો.**

૪. કલ્યાણ મિત્ર કોને કહેવાય? અભયકુમારે આર્દ્રકુમારને શું ભેટ મોકલી? ભેટ જોઇને આર્દ્રકુમારે શું કર્યું?

**જ. જે મિત્રનું હિત વિચારે એ મિત્રને કલ્યાણ મિત્ર કહેવાય. અભયકુમારે આર્દ્રકુમારને સામાયિકના ઉપકરણો ભેટ સ્વરૂપે મોકલ્યા. ભેટ જોઇને આર્દ્રકુમાર વિચારે છે કે આ બધું શું છે? આમથી તેમ ફેરવે છે. જોતા જોતા એને થાય છે કે આ બધું મેં ક્યાંક જોયું છે. એમ વિચારતા વિચારતા જાતિસ્મરણ જ્ઞાન થાય છે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧) તેને મેં અભયદાન આપ્યું છે. – **મેઘરથ રાજા બાજ પક્ષીને કહે છે.**

૨) જે ધર્મમાં દયા નથી તે ધર્મ નથી. – **ભગવાન લોકોને કહે છે.**

**(૧૦)**

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. આઠ **ગુણોથી શોભતા સિદ્ધ દેવ છે, આતમભાવમાં રાચતા વિદેહી દેવ છે,**
**સિદ્ધક્ષેત્રમાં બિરાજીત એ તો** નિરાકાર દેવ છે.

૨. અરિહંત **સિદ્ધ દેવ અમારા, નિર્ગ્રંથ છે ગુરુ અમારા, જીવો અને જીવવા દો એ છે નારો,**
**દુનિયામાં છે સહુથી** અનેરો.

૩. વીર પ્રભુના **મુખેથી જેમના ગુણ ગવાયા છે. તપધર્મથી શોભતા ધન્નાજી સવાયા છે.**
**તપ નિર્જરાનું મૂળ છે,વિષયાસક્તિ** શૂળ છે.

૪. માન **કદિ કરાય ના... મરિચીજી કહે સૌને, માન કરી નીચ ગોત્ર બંધાય ના.**
**ના ના ના રે ના ના કપટ કદિ કરાય ના... નાગશ્રી કહે સૌને, કપટ કરી સંસાર** વધારાય ના.

**જય – જિનેન્દ્ર**